# પ્રકરણ :–૪

## ''પરિણામની ચર્ચા અને અર્થઘટન''

# પ્રકરણ :– 4

## <u>પરીણામની ચર્ચા અને અર્થઘટન</u>

1. પ્રસ્તાવના
2. સંશોધન અંગેની સામાન્ય માહિતીની ટકાવારી
3. કાર્ય કરતી અને બિન કાર્ય કરતી પત્નીઓ અને દૈનિક મનોભાર વચ્ચે t કસોટી
   - **3.1.** કાર્ય કરતી અને બિન કાર્ય કરતી પત્નીઓના સંદર્ભમાં દૈનિક મનોભારના આંતરિક ઘટકોનો t કસોટી દ્વારા અભ્યાસ.
   - **3.2.** કાર્ય કરતી અને બિન કાર્ય કરતી પત્નીઓના સંદર્ભમાં દૈનિક મનોભારના કુલ ઘટકોનો t કસોટી દ્વારા અભ્યાસ.
4. વ્યકિતગત સામાજિક પરિવર્ત્યોના સંદર્ભમાં વિકૃત ચિંતાનો અભ્યાસ
   - **4.1.** વ્યકિતગત સામાજિક પરિવર્ત્યો અને વિકૃતચિંતા વચ્ચેનાં સંબંધનું F કસોટી દ્વારા પૃથકકરણ, અર્થઘટન અને પરીણામ ચર્ચા
5. વ્યકિતગત સામાજિક પરિવર્ત્યોના સંદર્ભમાં લગ્ન સમાયોજનનો અભ્યાસ
   - **5.1.** વ્યકિતગત સામાજિક પરિવર્ત્યો અને લગ્ન સમાયોજન વચ્ચેનો સંબંધનું F કસોટી દ્વારા પૃથકકરણ, અર્થઘટન અને પરીણામ ચર્ચા.
6. પત્નીઓના દૈનિક મનોભાર, વિકૃતચિંતા અને લગ્ન સમાયોજન વચ્ચેના સહસંબંધનો અભ્યાસ
7. દૈનિક મનોભાર, વિકૃતચિંતા અને લગ્ન સમાયોજન વચ્ચેનો સહસંબંધ
8. પત્નીઓનો દૈનિક મનોભાર ઘટાડવાના સૂચનો
9. પત્નીઓની વિકૃતચિંતા ઓછી કરવાના સૂચનો
10. પત્નીઓના લગ્ન સમાયોજન વધારવાના ઉપાયો

# પ્રકરણ :– 4

## પરીણામની ચર્ચા અને અર્થઘટન

### 1. પ્રસ્તાવના :–

સાંપ્રત સમયમાં માનવીએ મહત્વની મનોવૈજ્ઞાનિક બાબતો વિશે જે જ્ઞાન મેળવ્યું છે તે વૈજ્ઞાનિક સંશોધનનું પરીણામ છે આજના યુગમાં બધાજ વિજ્ઞાનોમાં એકત્રિત કરેલ સંખ્યાત્મક માહિતીનું પૃથકકરણ અને અર્થઘટન કરવા માટે આંકડાશાસ્ત્રનો વ્યાપક પ્રમાણમાં ઉપયોગ થાય છે. મનોવિજ્ઞાનમાં જુદી જુદી અનેક મનોવૈજ્ઞાનિક કસોટીઓની રચના કરવામાં અને માનવવર્તન અંગેના સામાન્ય નિયમો તારવવામાં આંકડાશાસ્ત્રનો વ્યાપક પ્રમાણમાં ઉપયોગ થાય છે.

" પૂર્વ યોજીત હેતુ અનુસાર અનેકવિધ પરિબળોની અસર નીચે આવતી પરસ્પર સંબંધ ધરાવતી સંખ્યાત્મક માહિતીનું એકત્રીકરણ કરી તેનું વર્ગીકરણ અને પૃથકકરણ કરી તે પરથી સામાન્ય નિયમો કે અગત્યના નિરાકરણો તારવવાની પધ્ધતિના શાસ્ત્રને આંકડાશાસ્ત્ર કહે છે."

મનોવિજ્ઞાન એક વિજ્ઞાન હોવાને લીધે તે વૈજ્ઞાનિક પધ્ધતિઓ દ્વારા વર્તન અંગેના સામાન્ય નિયમો તારવે છે. માહિતી પ્રાપ્ત કરવા માટે પ્રશ્નાવલિ, મુલાકાત વગેરેનો ઉપયોગ કરે છે. સાથે સાથે આ માહિતીને વ્યવસ્થિત ગોઠવવા માટે તેમજ વર્ગીકરણ અને પૃથકકરણ માટે ઉપરાંત તેના પરથી અનુમાનો તારવવા માટે આંકડાશાસ્ત્ર અને આંકડાકીય પધ્ધતિનો ઉપયોગ કરે છે.

પ્રસ્તુત સંશોધનનો હેતુ કાર્યકરતી અને બિનકાર્ય કરતી પત્નીઓનો દૈનિક મનોભાર, વિકૃતચિંતા અને લગ્ન સમાયોજનનો અભ્યાસ કરવાનો છે. તેમજ પત્નીઓના પ્રકાર, દૈનિક મનોભારનું પ્રમાણ અને ઉંમર જેવા પરિવર્ત્યની વિકૃચિંતા અને લગ્ન સમાયોજન પર થતી અસર તપાસવાનો હતો. કોઈપણ અભ્યાસ સમષ્ટિના બધાજ લોકો પર થઈ શકતો નથી. તેથી આ મર્યાદાને દૂર કરવા માટે એ સમષ્ટિમાંથી પ્રતિનિધિરૂપ એકમ પસંદ કરી સમગ્ર વિસ્તાર પર લાગુ પાડી સર્વસામાન્ય કે સાર્વત્રિક નિયમો સ્થાપવામાં આવે છે. તેથી પત્નીઓના પ્રકાર, દૈનિક મનોભારનું પ્રમાણ અને ઉંમરને ધ્યાનમાં રાખી ૨ × ૨ × ૨ ફેકટોરીયલ ડિઝાઈન પસંદ કરી 400 પત્નીઓને પસંદ કરવામાં આવી હતી. સ્વતંત્ર પરિવર્ત્યોની મુખ્ય તેમજ આંતરિક અસર તપાસવા માટે વિચરણ પૃથકકરણ દ્વારા ગણતરી કરવામાં આવી હતી. તેમજ કાર્ય કરતી અને બિન કાર્ય કરતી પત્નીઓના સંદર્ભમાં દૈનિક મનોભારના આંતરિક

ઘટકોનો t કસોટી દ્વારા અભ્યાસ કરવામાં આવ્યો હતો. તેમજ પત્નીઓના દૈનિક મનોભાર, વિકૃતચિંતા અને લગ્નસમાયોજન વચ્ચેનો સહસંબંધનો અભ્યાસ કરવા માટે કાર્લપિયરસન r નો ઉપયોગ કરવામાં આવ્યો હતો. તેમજ આંશિક સહસંબંધની ગણતરી કરવામાં આવી હતી. દરેક હેતુ અનુસાર ઉત્કલ્પનાની ચકાસણી અને અર્થઘટન, પૃથકકરણ તેમજ પરીણામ ચર્ચા વિગતવાર દરેક વિભાગમાં કરવામાં આવી હતી.

પ્રસ્તુત પ્રકરણને મુખ્યત્વે નીચેના વિભાગોમાં વહેંચવામાં આવ્યુ હતુ.

(1) સંશોધન અંગેની સામાન્ય માહિતીની ટકાવારી

(2) કાર્ય કરતી અને બિન કાર્ય કરતી પત્નીઓના સંદર્ભમાં દૈનિક મનોભારનો અભ્યાસ.

(3) વ્યકિતગત સામાજિક પરિવર્ત્યોના સંદર્ભમાં પત્નીઓની વિકૃતચિંતાનો અભ્યાસ.

(4) વ્યકિતગત સામાજિક પરિવર્ત્યોના સંદર્ભમાં પત્નીઓના લગ્ન સમાયોજનનો અભ્યાસ.

(5) દૈનિક મનોભાર, વિકૃતચિંતા અને લગ્ન સમાયોજન વચ્ચેના સહસંબંધનો અભ્યાસ.

## 2. સંશોધન અંગેની સામાન્ય માહિતીની ટકાવારી :–

અહીં વ્યકિતગત પરિવર્ત્યો અને માહિતીની સંખ્યા તેમજ ટકાવારીમાં પૃથકકરણ કરવામાં આવ્યું. જે જુદા જુદા કોષ્ટકો દ્વારા વ્યકત કરવામાં આવ્યું છે.

### 2.1. પત્નીઓના પ્રકાર અને સંખ્યા પ્રમાણે ટકાવારી :–

પ્રસ્તુત અભ્યાસમાં પત્નીઓના પ્રકાર પ્રમાણે બે વિભાગોમાં વહેંચવામાં આવી હતી.

(i) કાર્ય કરતી પત્નીઓ

(ii) બિન કાર્ય કરતી પત્નીઓ

**કોષ્ટક નંબર :– 4.1**

**પત્નીઓના પ્રકાર અને સંખ્યા પ્રમાણે ટકાવારી (N = 400)**

| ક્રમાંક | પત્નીઓના પ્રકાર | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| 1 | કાર્ય કરતી પત્નીઓ | 200 | 50% |
| 2 | બિન કાર્ય કરતી પત્નીઓ | 200 | 50% |
| કુલ | | 400 | 100% |

ઉપરના કોષ્ટકમાં જોતા જણાય છે કે 50% એટલે કે 200 કાર્ય કરતી પત્નીઓ અને 50% એટલે કે 200 બિન કાર્ય કરતી પત્નીઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

## 2.2. પત્નીઓના દૈનિક મનોભારનું પ્રમાણ અને સંખ્યા પ્રમાણે ટકાવારી

પ્રસ્તુત અભ્યાસમાં પત્નીઓના દૈનિક મનોભારના પ્રમાણને ધ્યાનમાં રાખી પત્નીઓને બે વિભાગોમાં વહેંચવામાં આવી હતી.

(i) ઉચ્ચ દૈનિક મનોભાર ધરાવતી પત્નીઓ

(ii) નિમ્ન દૈનિક મનોભાર ધરાવતી પત્નીઓ

**કોષ્ટક નંબર :– 4.2**

**પત્નીઓનાં દૈનિક મનોભારના પ્રમાણ અને સંખ્યાપ્રમાણે ટકાવારી (N = 400)**

| ક્રમાંક | દૈનિક મનોભારનું પ્રમાણ | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| 1 | ઉચ્ચ દૈનિક મનોભાર ધરાવતી પત્નીઓ | 200 | 50% |
| 2 | નિમ્ન દૈનિક મનોભાર ધરાવતી પત્નીઓ | 200 | 50% |
| કુલ | | 400 | 100% |

ઉપરના કોષ્ટકમાં જોતા જણાય છે કે 50% એટલે કે 200 ઉચ્ચ દૈનિક મનોભાર ધરાવતી પત્નીઓ અને 50% એટલે કે 200 નિમ્ન મનોભાર ધરાવતી પત્નીઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

### 2.3. પત્નીઓની ઉંમર અને સંખ્યા પ્રમાણે ટકાવારી :–

પ્રસ્તુત અભ્યાસમાં પત્નીઓને ઉંમર પ્રમાણે બે વિભાગોમાં વહેંચવામાં આવી હતી.

(i) 20 થી 30 વર્ષ

(ii) 30 થી 40 વર્ષ

**કોષ્ટક નંબર :– 4.3**

**પત્નીઓની ઉંમર અને સંખ્યા પ્રમાણે ટકાવારી ( N = 400 )**

| ક્રમાંક | પત્નીઓની ઉંમર | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| 1. | 20 થી 30 વર્ષ | 200 | 50% |
| 2. | 30 થી 40 વર્ષ | 200 | 50% |
| કુલ | | 400 | 100% |

ઉપરના કોષ્ટકમાં જોતા જણાય છે કે 50% એટલે કે 200, 20 થી 30 વર્ષની પત્નીઓ અને 50% એટલે કે 200, 30 થી 40 વર્ષની પત્નીઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

## 3. કાર્ય કરતી અને બિન કાર્ય કરતી પત્નીઓ અને દૈનિક મનોભાર વચ્ચે t કસોટી :–

### 3.1. કાર્ય કરતી અને બિન કાર્ય કરતી પત્નીઓના સંદર્ભમાં દૈનિક મનોભારના આંતરિક ઘટકોનો t કસોટી દ્વારા અભ્યાસ.

## 3.1.1. કાર્ય કરતી અને બિન કાર્ય કરતી પત્નીઓના સંદર્ભમાં કૌટુંબીક સમસ્યા નો t કસોટી દ્વારા અભ્યાસ.

પ્રસ્તુત અભ્યાસમાં પત્નીઓને નીચેના બે વિભાગોમાં વહેંચવામાં આવી હતી.

(i) કાર્ય કરતી પત્નીઓ

(ii) બિન કાર્ય કરતી પત્નીઓ

આ બે વિભાગોના સંદર્ભમાં નીચેની ઉત્કલ્પના રચવામાં આવી હતી.

$HO_1$ :–કાર્ય કરતી અને બિન કાર્ય કરતી પત્નીઓમાં કૌટુંબીક સમસ્યાના સંદર્ભમાં કોઈ સાર્થક તફાવત નથી.

**પરીણામ કોષ્ટક નંબર :– 4.4**

**કાર્ય કરતી અને બિન કાર્ય કરતી પત્નીઓના સંદર્ભમાં કૌટુંબીક સમસ્યાના પ્રાપ્તાંકોના મધ્યકો, પ્રમાણ વિચલન અને t નું મૂલ્ય દર્શાવતું કોષ્ટક ( N = 400 )**

| ક્રમ | પત્નીઓનાં પ્રકાર | N | MEAN | SD | SEM | SED | t | Sig |
|---|---|---|---|---|---|---|---|---|
| 1. | કાર્ય કરતી | 200 | 46.21 | 7.16 | 0.51 | 0.65 | 10.17 | 0.01 |
| 2. | બિન કાર્ય કરતી | 200 | 39.60 | 5.84 | 0.41 | | | |

0.05 = 1.97

0.01 = 2.59

પરીણામ કોષ્ટક નં 4.4 માં જોતા જણાય છે કે કાર્ય કરતી અને બિન કાર્ય કરતી પત્નીઓનાં સંદર્ભમાં ગણતરી કરીને પ્રાપ્ત થયેલ t ની કિંમત 10.17 છે સ્વાતંત્ર્યની કક્ષા 397 હોય ત્યાર 0.05 અર્થસૂચક કક્ષાએ t ની કિંમત 1.97 અને 0.01 અર્થસૂચક કક્ષાએ t ની કિંમત 2.59 છે અહીં પ્રાપ્ત થયેલ t ની કિંમત મોટી છે તેથી તફાવત સાર્થક છે. અહી, $HO_1$ નો અસ્વીકાર થાય છે. અને તારણ તારવવામાં આવે છે કે બિન કાર્યકરતી પત્નીઓ કરતા કાર્ય કરતી પત્નીઓમાં કૌટુંબીક સમસ્યાનું

પ્રમાણ વધું જોવા મળે છે. કારણ કે કાર્ય કરતી પત્નીઓ પોતે પુરતો સમય કુટુંબમાં ફાળવી શકતી ન હોવાથી તેઓને કૌટુંબીક સમસ્યા વધુ હોય તેમ બની શકે.

કાર્ય કરતી અને બિન કાર્ય કરતી પત્નીઓના સંદર્ભમાં કૌટુંબીક સમસ્યાના મધ્યકો દર્શાવતો સ્તંભાલેખ.




## 3.1.2. કાર્ય કરતી અને બિન કાર્ય કરતી પત્નીઓના સંદર્ભમાં સામાજિક વ્યવહારોની સમસ્યા નો t કસોટી દ્વારા અભ્યાસ.

પ્રસ્તુત અભ્યાસમાં પત્નીઓને નીચેના બે વિભાગોમાં વહેંચવામાં આવી હતી.

(i) કાર્ય કરતી પત્નીઓ

(ii) બિન કાર્ય કરતી પત્નીઓ

આ બે વિભાગોના સંદર્ભમાં નીચેની ઉત્કલ્પના રચવામાં આવી હતી.

$HO_2$ :–કાર્ય કરતી અને બિન કાર્ય કરતી પત્નીઓમાં સામાજિક વ્યવહારોની સમસ્યાના સંદર્ભમાં કોઈ સાર્થક તફાવત નથી.

**પરીણામ કોષ્ટક નંબર :– 4.5**

**કાર્ય કરતી અને બિન કાર્ય કરતી પત્નીઓના સંદર્ભમાં સામાજિક વ્યવહારોની સમસ્યાના મધ્યકો, પ્રમાણ વિચલન અને t નું મૂલ્ય દર્શાવતું કોષ્ટક ( N = 400 )**

| ક્રમ | પત્નીઓના પ્રકાર | N | MEAN | SD | SEM | SED | t | Sig |
|---|---|---|---|---|---|---|---|---|
| 1. | કાર્ય કરતી | 200 | 23.15 | 5.7 | 0.4 | 0.5 | 10.24 | 0.01 |
| 2. | બિન કાર્ય કરતી | 200 | 18.03 | 4.2 | 0.3 | | | |

પરીણામ કોષ્ટક નં 4.5 માં જોતા જણાય છે કે કાર્ય કરતી અને બિન કાર્ય કરતી પત્નીઓના સંદર્ભમાં ગણતરી કરીને પ્રાપ્ત થયેલ t ની કિંમત 10.24 છે. સ્વાતંત્ર્યની કક્ષા 397 હોય ત્યાર 0.05 અર્થસૂચક કક્ષાએ t ની કિંમત 1.97 અને 0.01 અર્થસૂચક કક્ષાએ t ની કિંમત 2.59 છે. અહીં પ્રાપ્ત થયેલ t ની કિંમત મોટી છે તેથી તફાવત સાર્થક છે. અહી. $HO_2$ નો અસ્વીકાર થાય છે. અને તારણ તારવવામાં આવે છે કે બિન કાર્યકરતી પત્નીઓ કરતા કાર્ય કરતી પત્નીઓમાં સામાજિક વ્યવહારોની સમસ્યાનું પ્રમાણ વધું જોવા મળે છે. આવું પરીણામ આવવાનું સંભવિત કારણ એ હોઈ શકે કે કાર્ય કરતી પત્નીઓનાં સામાજિક દરજ્જો બિન કાર્ય કરતી પત્નીઓના પ્રમાણમાં થોડો અલગ હોય છે તેથી તેને સમસ્યા વધુ હોય.

કાર્ય કરતી અને બિન કાર્ય કરતી પત્નીઓના સંદર્ભમાં કૌટુંબીક સમસ્યાના મધ્યકો દર્શાવતો સ્તંભાલેખ.



### 3.1.3. કાર્ય કરતી અને બિન કાર્ય કરતી પત્નીઓના સંદર્ભમાં સમયની ખેંચ નો t કસોટી દ્વારા અભ્યાસ.

પ્રસ્તુત અભ્યાસમાં પત્નીઓને નીચેના બે વિભાગોમાં વહેંચવામાં આવી હતી.

(i) કાર્ય કરતી પત્નીઓ

(ii) બિન કાર્ય કરતી પત્નીઓ

આ બે વિભાગોના સંદર્ભમાં નીચેની ઉત્કલ્પના રચવામાં આવી હતી.

$HO_3$ :– કાર્ય કરતી અને બિન કાર્ય કરતી પત્નીઓમાં સમયની ખેંચ ના સંદર્ભમાં કોઈ સાર્થક તફાવત નથી.

**પરીણામ કોષ્ટક નંબર :– 4.6**

**કાર્ય કરતી અને બિન કાર્ય કરતી પત્નીઓના સંદર્ભમાં સમયની ખેંચ ના મધ્યકો, પ્રમાણ વિચલન અને t નું મૂલ્ય દર્શાવતું કોષ્ટક ( N = 400 )**

| ક્રમ | પત્નીઓના પ્રકાર | N | MEAN | SD | SEM | SED | t | Sig |
|---|---|---|---|---|---|---|---|---|
| 1. | કાર્ય કરતી | 200 | 24.63 | 6.9 | 0.49 | 0.63 | 4.5 | 0.01 |
| 2. | બિન કાર્ય કરતી | 200 | 21.79 | 5.74 | 0.40 | | | |

પરીણામ કોષ્ટક નં 4.6 માં જોતા જણાય છે કે કાર્ય કરતી અને બિન કાર્ય કરતી પત્નીઓના સંદર્ભમાં ગણતરી કરીને પ્રાપ્ત થયેલ t ની કિંમત 4.5 છે. સ્વાતંત્ર્યની કક્ષા 397 હોય ત્યાર 0.05 અર્થસૂચક કક્ષાએ t ની કિંમત 1.97 હોય અને 0.01 અર્થસૂચક કક્ષાએ t ની કિંમત 2.59 છે અહીં પ્રાપ્ત થયેલ t ની કિંમત મોટી છે તેથી તફાવત સાર્થક છે. અહી, $HO_3$ નો અસ્વીકાર થાય છે. અને તારણ તારવવામાં આવે છે કે બિન કાર્યકરતી પત્નીઓ કરતા કાર્ય કરતી પત્નીઓમાં સમયની ખેંચનું પ્રમાણ વધું જોવા મળે છે. કાર્ય કરતી પત્નીઓને સ્વાભાવીક પણે જ ગૃહિણીઓ કરતા ઓછો સમય મળે છે તેથી તેને સમયની ખેંચ અનુભવાય છે.

કાર્ય કરતી અને બિનકાર્ય કરતી પત્નીઓના સંદર્ભમાં સમયની ખેંચના મધ્યકો દર્શાવતો સ્તંભાલેખ.




### 3.1.4. કાર્ય કરતી અને બિન કાર્ય કરતી પત્નીઓના સંદર્ભમાં વાતાવરણ અંગેની સમસ્યાનો t કસોટી દ્વારા અભ્યાસ.

પ્રસ્તુત અભ્યાસમાં પત્નીઓને નીચેના બે વિભાગોમાં વહેંચવામાં આવી હતી.

(i) કાર્ય કરતી પત્નીઓ

(ii) બિન કાર્ય કરતી પત્નીઓ

આ બે વિભાગોના સંદર્ભમાં નીચેની ઉત્કલ્પના રચવામાં આવી હતી.

$HO_4$ :–કાર્ય કરતી અને બિન કાર્ય કરતી પત્નીઓમાં વાતાવરણ અંગેનીસમસ્યાના સંદર્ભમાં કોઈ સાર્થક તફાવત નથી.

### પરીણામ કોષ્ટક નંબર :– 4.7

**કાર્ય કરતી અને બિન કાર્ય કરતી પત્નીઓનાં સંદર્ભમાં વાતાવરણ અંગેની સમસ્યાના મધ્યકો, પ્રમાણ વિચલન અને t નું મૂલ્ય દર્શાવતું કોષ્ટક ( N = 400 )**

| ક્રમ | પત્નીઓના પ્રકાર | N | MEAN | SD | SEM | SED | t | Sig |
|---|---|---|---|---|---|---|---|---|
| 1. | કાર્ય કરતી | 200 | 17.51 | 5.11 | 0.36 | 0.45 | 7.8 | 0.01 |
| 2. | બિન કાર્ય કરતી | 200 | 13.98 | 3.92 | 0.28 | | | |

પરીણામ કોષ્ટક નં 4.7 માં જોતા જણાય છે કે કાર્ય કરતી અને બિન કાર્ય કરતી પત્નીઓના સંદર્ભમાં ગણતરી કરીને પ્રાપ્ત થયેલ t ની કિંમત 7.8 છે સ્વાતંત્ર્યની કક્ષા 397 હોય ત્યાર 0.05 અર્થસૂચક કક્ષાએ t ની કિંમત 1.97 હોય અને 0.01 અર્થસૂચક કક્ષાએ t ની કિંમત 2.59 છે. અહીં પ્રાપ્ત થયેલ t ની કિંમત મોટી છે તેથી તફાવત સાર્થક છે. અહી, $HO_4$ નો અસ્વીકાર થાય છે. અને તારણ તારવવામાં આવે છે કે બિન કાર્યકરતી પત્નીઓ કરતા કાર્ય કરતી પત્નીઓમાં વાતાવરણ અંગેની સમસ્યા વધું જોવા મળે છે. કાર્ય કરતી પત્નીઓએ પોતાનો નોકરી કે ધંધા મુજબ વાતાવરણ બદલાતુ હોય તો તેમાં અનુકૂળ થવા પ્રયાસ કરવો પડે છે તેથી વાતાવરણગત સમસ્યાનો સામનો તેમણે વધુ કરવો પડે છે.

**કાર્ય કરતી અને બિન કાર્ય કરતી પત્નીઓમાં સંદર્ભમાં વાતાવરણ અંગેની સમસ્યાના મધ્યકો દર્શાવતો સ્તંભાલેખ.**



## 3.1.5. કાર્ય કરતી અને બિન કાર્ય કરતી પત્નીઓના સંદર્ભમાં આર્થિક બાબતો અંગેની સમસ્યાનો t કસોટી દ્વારા અભ્યાસ.

પ્રસ્તુત અભ્યાસમાં પત્નીઓને નીચેના બે વિભાગોમાં વહેંચવામાં આવી હતી.

(i) કાર્ય કરતી પત્નીઓ

(ii) બિન કાર્ય કરતી પત્નીઓ

આ બે વિભાગોના સંદર્ભમાં નીચેની ઉત્કલ્પના રચવામાં આવી હતી.

$HO_5$ :–કાર્ય કરતી અને બિન કાર્ય કરતી પત્નીઓમાં આર્થિક બાબતોની અંગેની સમસ્યાના સંદર્ભમાં કોઈ સાર્થક તફાવત નથી.

**પરીણામ કોષ્ટક નંબર :– 4.8**

**કાર્ય કરતી અને બિન કાર્ય કરતી પત્નીઓના સંદર્ભમાં આર્થિક બાબતોની સમસ્યાના મધ્યકો, પ્રમાણ વિચલન અને t નું મૂલ્ય દર્શાવતું કોષ્ટક ( N = 400 )**

| ક્રમ | પત્નીઓના પ્રકાર | N | MEAN | SD | SEM | SED | t | Sig |
|---|---|---|---|---|---|---|---|---|
| 1. | કાર્ય કરતી | 200 | 10.33 | 2.93 | 0.2 | 0.38 | 8.10 | 0.01 |
| 2. | બિન કાર્ય કરતી | 200 | 13.41 | 4.74 | 0.33 | | | |

પરીણામ કોષ્ટક નં 4.8 માં જોતા જણાય છે કે કાર્ય કરતી અને બિન કાર્ય કરતી પત્નીઓના સંદર્ભમાં ગણતરી કરીને પ્રાપ્ત થયેલ t ની કિંમત 8.10 છે સ્વાતંત્ર્યની કક્ષા 397 હોય ત્યાર 0.05 અર્થસૂચક કક્ષાએ t ની કિંમત 1.97 હોય અને 0.01 અર્થસૂચક કક્ષાએ t ની કિંમત 2.59 છે. અહીં પ્રાપ્ત થયેલ t ની કિંમત મોટી છે તેથી તફાવત સાર્થક છેઉ અહી, $HO_5$ નો અસ્વીકાર થાય છે. અને તારણ તારવવામાં આવે છે કે બિન કાર્યકરતી પત્નીઓ કરતા કાર્ય કરતી પત્નીઓમાં આર્થિક બાબતો અંગેની સમસ્યા વધું જોવા મળે છે. કાર્ય કરતી પત્નીઓ પોતે આર્થિક ઉપાર્જન કરતી હોવાથી પતિ સાથે દરેક આર્થિક નિર્ણયમાં સહમત ન પણ હોય તેથી આર્થિક બાબતોની સમસ્યા ઉદ્ભવતી હોય.

કાર્ય કરતી અને બિન કાર્ય કરતી પત્નીઓના સંદર્ભમાં આર્થિક બાબતો અંગેની સમસ્યાના મધ્યકો દર્શાવતો સ્તંભાલેખ.




## 3.1.6. કાર્ય કરતી અને બિન કાર્ય કરતી પત્નીઓના સંદર્ભમાં અંગત બાબતોની સમસ્યાની t કસોટી દ્વારા અભ્યાસ.

પ્રસ્તુત અભ્યાસમાં પત્નીઓને નીચેના બે વિભાગોમાં વહેંચવામાં આવી હતી.

(i) કાર્ય કરતી પત્નીઓ

(ii) બિન કાર્ય કરતી પત્નીઓ

આ બે વિભાગોના સંદર્ભમાં નીચેની ઉત્કલ્પના રચવામાં આવી હતી.

$HO_6$ :–કાર્ય કરતી અને બિન કાર્ય કરતી પત્નીઓમાં અંગત બાબતોની સમસ્યાના સંદર્ભમાં કોઈ સાર્થક તફાવત નથી.

**પરીણામ કોષ્ટક નંબર :– 4.9**

**કાર્ય કરતી અને બિન કાર્ય કરતી પત્નીઓનાં સંદર્ભમાં આર્થિક બાબતોની સમસ્યાના મધ્યકો, પ્રમાણ વિચલન અને t નું મૂલ્ય દર્શાવતું કોષ્ટક ( N = 400 )**

| ક્રમ | પત્નીઓનાં પ્રકાર | N | MEAN | SD | SEM | SED | t | Sig |
|---|---|---|---|---|---|---|---|---|
| 1. | કાર્ય કરતી | 200 | 22.56 | 6.21 | 0.44 | 0.56 | 6.38 | 0.01 |
| 2. | બિન કાર્ય કરતી | 200 | 18.99 | 4.92 | 0.35 | | | |

પરીણામ કોષ્ટક નં 4.9 માં જોતા જણાય છે કે કાર્ય કરતી અને બિન કાર્ય કરતી પત્નીઓના સંદર્ભમાં ગણતરી કરીને પ્રાપ્ત થયેલ t ની કિંમત 6.38 છે. સ્વાતંત્ર્યની કક્ષા 397 હોય ત્યાર 0.05 અર્થસૂચક કક્ષાએ t ની કિંમત 1.97 હોય અને 0.01 અર્થસૂચક કક્ષાએ t ની કિંમત 2.59 છે અહીં પ્રાપ્ત થયેલ t ની કિંમત મોટી છે તેથી તફાવત સાર્થક છે. અહી, $HO_6$ નો અસ્વીકાર થાય છે. અને તારણ તારવવામાં આવે છે કે બિન કાર્યકરતી પત્નીઓ કરતા કાર્ય કરતી પત્નીઓમાં અંગત બાબતોની સમસ્યા વધું જોવા મળે છે. કાર્ય કરતી પત્નીઓનું જગત ગૃહિણીના સંદર્ભમાં મર્યાદિત હોતુ નથી તેથી તેને અંગત સમસ્યાઓ પણ વધુ હોવાનો સંભવ છે.

કાર્ય કરતી અને બિન કાર્ય કરતી પત્નીઓના સંદર્ભમાં અંગત બાબતોની સમસ્યાના મધ્યકો દર્શાવતો સ્તંભાલેખ.




**પત્નીઓના પકાર**

### 3.1.7. કાર્ય કરતી અને બિન કાર્ય કરતી પત્નીઓના સંદર્ભમાં દૈનિક મનોભારના કુલ પ્રાપ્તાંકોનો t કસોટી દ્વારા અભ્યાસ

પ્રસ્તુત અભ્યાસમાં પત્નીઓને નીચેના બે વિભાગોમાં વહેંચવામાં આવી હતી.

(i) કાર્ય કરતી પત્નીઓ

(ii) બિન કાર્ય કરતી પત્નીઓ

આ બે વિભાગોના સંદર્ભમાં નીચેની ઉત્કલ્પના રચવામાં આવી હતી.

$HO_7$ :–કાર્ય કરતી અને બિન કાર્ય કરતી પત્નીઓમાં દૈનિક મનોભારના કુલ પ્રાપ્તાંકો ના સંદર્ભમાં કોઈ સાર્થક તફાવત નથી.

**પરીણામ કોષ્ટક નંબર :– 4.10**

**કાર્ય કરતી અને બિન કાર્ય કરતી પત્નીઓનાં સંદર્ભમાં દૈનિક મનોભારના કુલ પ્રાપ્તાંકોના મધ્યકો, પ્રમાણ વિચલન અને t નું મૂલ્ય દર્શાવતું કોષ્ટક ( N = 400 )**

| ક્રમ | પત્નીઓના પ્રકાર | N | MEAN | SD | SEM | SED | t | Sig |
|---|---|---|---|---|---|---|---|---|
| 1. | કાર્ય કરતી | 200 | 148.19 | 18.92 | 1.33 | 1.6 | 15.02 | 0.01 |
| 2. | બિન કાર્ય કરતી | 200 | 122.80 | 14.71 | 1.04 | | | |

પરીણામ કોષ્ટક નં 4.10 માં જોતા જણાય છે કે કાર્ય કરતી અને બિન કાર્ય કરતી પત્નીઓનાં સંદર્ભમાં ગણતરી કરીને પ્રાપ્ત થયેલ t ની કિંમત 15.02 છે. સ્વાતંત્ર્યની કક્ષા 397 હોય ત્યાર 0.05 અર્થસૂચક કક્ષાએ t ની કિંમત 1.97 હોય અને 0.01 અર્થસૂચક કક્ષાએ t ની કિંમત 2.59 છે. અહી, પ્રાપ્ત થયેલ t ની કિંમત મોટી છે. તેથી તફાવત સાર્થક છે. અહી, $HO_7$ નો અસ્વીકાર થાય છે. અને તારણ તારવવામાં આવે છે કે બિન કાર્યકરતી પત્નીઓ કરતા કાર્ય કરતી પત્નીઓમાં દૈનિક મનોભાર વધું જોવા મળે છે. કાર્ય કરતી પત્નીઓની રોજીંદી ક્રિયાઓ વધુ ઝડપી અને સમયની ખેંચતાણવાળી હોવાથી તે રોજબરોજની ક્રિયાને પહોંચી વળવામાં મનોભાર અનુભવે છે.

કાર્ય કરતી અને બિન કાર્ય કરતી પત્નીઓના સંદર્ભમાં દૈનિક મનોભારના કુલ પ્રાપ્તાંકોના મધ્યકો દર્શાવતો સ્તંભાલેખ.




4. વ્યકિતગત સામાજિક પરિવર્ત્યોના સંદર્ભમાં પત્નીઓની વિકૃતચિંતાનો અભ્યાસ.

## 4.1. વ્યકિતગત સામાજિક પરિવર્ત્યો અને વિકૃતચિંતા વચ્ચેના સંબંધનું t કસોટી વડે પૃથકકરણ, અર્થઘટન અને પરીણામ ચર્ચા.

પ્રસ્તુત અધ્યયનમાં પત્નીઓના વ્યકિતગત ઘટક જેવા કે પત્નીઓનો પ્રકાર, દૈનિક મનોભારનું પ્રમાણ અને ઉંમરની શી અસર થાય છે. તેમજ આ સ્વતંત્ર પરિવર્ત્યોની વ્યકિતગત ઘટકો પર થતી અસરની ચકાસણી કરવા માટે વિચરણ પૃથકકરણ પધ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

પત્નીઓના પ્રકાર, દૈનિક મનોભારનું પ્રમાણ અને ઉંમર જેવા સ્વતંત્ર પરિવર્ત્યો ઉપર મુખ્ય તેમજ આંતર ક્રિયાત્મક અસર જાણવા માટે વિચરણ પૃથકકરણ પધ્ધતિ દ્વારા F મૂલ્ય શોધવામાં આવ્યા હતા. આ દરેકની વિગતવાર ચર્ચા નીચે પ્રમાણે કરવામાં આવી છે ઉપરાંત વિચરણ પૃથકકરણ પક્રિયામાં પ્રાપ્ત થતી અંતિમ કિંમત F ગુણો સમષ્ટિના વિવિધ જૂથોના મધ્યકો વચ્ચે OVER ALL તફાવત સાર્થક છે કે કેમ તેનો અંતિમ નિર્ણય કરવા માટે મદદ કરે અને અહીં સ્વતંત્ર પરિવર્ત્યો ત્રણ છે, જે નીચે મુજબ છે.

(1) પત્નીઓના પ્રકાર ( A )

$A_1$ = કાર્ય કરતી પત્નીઓ

$A_2$ = બિન કાર્ય કરતી પત્નીઓ

(2) દૈનિક મનોભારનું પ્રમાણ ( B )

$B_1$ = ઉચ્ચ મનોભાર ધરાવતી પત્નીઓ

$B_2$ = નિમ્ન મનોભાર ધરાવતી પત્નીઓ

(3) ઉંમર ( C )

$C_1$ = 20 થી 30 વર્ષ

$C_2$ = 31 થી 40 વર્ષ

જયારે વિકૃત ચિંતાએ પરતંત્ર પરિવર્ત્ય છે આ અંગેની તમામ વિગતો નીચે કોષ્ટક નંબર ૪.૧૧ માં દર્શાવવામાં

## પરીણામ કોષ્ટક નંબર :– 4.11

## 2 X 2 X 2 આવયવિક યોજના અને વિકૃત ચિંતાનું વિચરણ પૃથકકરણ પરીણામ (N=400)

| ચલનો ઉદભવ<br>source of variance | વર્ગોના સરવાળા<br>sum of square | સ્વાતંત્ર્યની કક્ષા<br>df (n-1) | પ્રચરણ<br>MEAN sum of square | મૂલ્ય<br>F | સાર્થકતાની કક્ષા<br>sig |
|---|---|---|---|---|---|
| Main Effects | - | - | - | - | - |
| SSA | 792.34 | 1 | 792.34 | 7.80 | 0.01 |
| SSB | 1341.94 | 1 | 1341.94 | 13.20 | 0.01 |
| SSC | 1182.41 | 1 | 1182.41 | 11.63 | 0.01 |
| Interaction Effects | - | - | - | - | - |
| SS A.B | 1163.63 | 1 | 1163.63 | 11.44 | 0.01 |
| SS B.C | 946.66 | 1 | 946.66 | 9.31 | 0.01 |
| SS A.C | 559.34 | 1 | 559.34 | 5.50 | 0.05 |
| SS A.B.C | 665.18 | 1 | 665.18 | 6.54 | 0.05 |
| Within SS Error | 39841.41 | 392 | 101.63 | | |
| SS total | 46492.91 | 399 | | | |

| | Sigmificance | Level |
|---|---|---|
| N | 0.05 | 0.01 |
| 50 | 4.03 | 7.17 |
| 100 | 3.94 | 6.90 |
| 200 | 3.89 | 6.76 |

### 4.1.1. પત્નીઓના પ્રકાર (A) અને વિકૃત ચિંતા વચ્ચેની F  કસોટી

પત્નીઓના પ્રકારને ધ્યાનમાં રાખીને બે વિભાગોમાં વહેંચવામાં આવ્યા હતા.

(i) કાર્ય કરતી પત્નીઓ

(ii) બિન કાર્ય કરતી પત્નીઓ

આ બે પ્રકારના સંદર્ભમાં નીચે પ્રમાણે ઉત્કલ્પના રચવામાં આવી હતી.

$HO_8$ :–પત્નીઓના પ્રકારના સંદર્ભમાં વિકૃતચિંતાના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળશે નહિ.

**પરીણામ કોષ્ટક નંબર :– 4.12**

**પત્નીઓનાં પ્રકાર (A) પરિવર્ત્યના વિકૃત ચિંતાના મધ્યકો અને F દર્શાવતું કોષ્ટક**

| પત્નીઓના પ્રકાર (A) | N | MEAN | F | Sig |
|---|---|---|---|---|
| કાર્ય કરતી પત્નીઓ ($A_1$) | 200 | 42.42 | 7.80 | 0.01 |
| બિન કાર્યકરતી પત્નીઓ ($A_2$) | 200 | 39.14 | | |

0.05 = 3.89

0.01 = 6.76

**પરીણામ કોષ્ટક નંબર :– 4.13**

**પત્નીઓના પ્રકાર (A) પરિવર્ત્યના વિકૃત ચિંતાના મધ્યકોના તફાવત દર્શાવતું L.S.D. કોષ્ટક**

| Sr No. | pairs | Mean diff | Sig |
|---|---|---|---|
| 1 | $A_1$ $V_5$ $A_2$ | 3.28 | 0.01 |

0.05 = 1.98

0.01 = 2.60

પરીણામ કોષ્ટક નં 4.12 માં જોતા જણાય છે કે પત્નીઓનાં પ્રકારના સંદર્ભમાં ગણતરી કરીને પ્રાપ્ત થયેલ F ની કિંમત 7.80 છે જયારે 0.05 અર્થસૂચક કક્ષાએ F ની કિંમત 3.89 અને 0.01 અર્થસૂચક કક્ષાએ F ની કિંમત 6.76 છે અહીં પ્રાપ્ત થયેલ F ની કિંમત મોટી છે તેથી તફાવત સાર્થક છે અહીં $HO_8$ નો અસ્વીકાર થાય છે. અને તારણ તારવવામાં આવે છે કે બિન કાર્ય કરતી પત્નીઓ કરતા કાર્ય કરતી પત્નીઓમાં વિકૃત ચિંતાનું પ્રમાણ વધું જોવા મળે છે.

પત્નીઓનાં પ્રકારના સંદર્ભમાં L.S.D. તફાવત પણ 0.01 અર્થકક્ષાએ સાર્થક જોવા મળે છે જે કોષ્ટક નં. 4.13 માં દર્શાવવામાં આવેલ છે અહિં $A_1$ VS $A_2$ એટલે કે કાર્ય કરતી પત્નીઓ અને બિન કાર્ય કરતી પત્નીઓના વિકૃત ચિંતાના પ્રાપ્તાંકોના મધ્યકો અનુક્રમે 42.42 અને 39.14 છે અન બંને વચ્ચેનો તફાવત 3.28 છે. જે 0.01 અર્થકક્ષાએ સાર્થક છે. તેથી કહી શકાય કે બિન કાર્ય કરતી પત્નીઓ કરતા કાર્ય કરતી પત્નીઓમાં વિકૃતચિંતાનું પ્રમાણ વધું જોવા મળે છે. F તથા L.S.D. ના પરીણામોમાં જે સાર્થક તફાવત જોવા મળ્યો છે. તેનું કારણ એવું હોય કે કાર્ય કરતી પત્નીઓને ઘર–કુંટુબની તથા નોકરી–ધંધાની જવાબદારી ઉપાડવાની હોવાથી વિકૃતચિંતા વધુ ઉદ્‌ભવે.

પત્નીઓનાં પ્રકારના સંદર્ભમાં વિકૃતચિંતાના મધ્યકો દર્શાવતો સ્તંભાલેખ



## 4.1.2. દૈનિક મનોભારનું પ્રમાણ (B) અને વિકૃત ચિંતા વચ્ચેની F કસોટી :–

દૈનિક મનોભારના પ્રમાણને ધ્યાનમાં રાખીને બે વિભાગોમાં વહેંચવામાં આવ્યા હતા.

(i) ઉચ્ચ દૈનિક મનોભાર

(ii) નિમ્ન દૈનિક મનોભાર

આ બે પ્રકારના સંદર્ભમાં નીચે પ્રમાણે ઉત્કલ્પના રચવામાં આવી હતી.

$HO_9$ :–પત્નીઓનાં દૈનિક મનોભારના પ્રમાણના સંદર્ભમાં વિકૃતચિંતાના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળશે નહિ.

**પરીણામ કોષ્ટક નંબર :– 4.14**

**પત્નીઓનાં દૈનિક મનોભારના પ્રમાણ (B) પરિવર્ત્યના વિકૃત ચિંતાના મધ્યકો અને F દર્શાવતું કોષ્ટક :–**

| દૈનિક મનોભારનું પ્રમાણ (B) | N | MEAN | F | Sig |
|---|---|---|---|---|
| ઉચ્ચ દૈનિક મનોભાર ($B_1$) | 200 | 44.49 | 13.20 | 0.01 |
| નિમ્ન દૈનિક મનોભાર ($B_2$) | 200 | 37.06 | | |

0.05 = 3.89

0.01 = 6.76

**પરીણામ કોષ્ટક નંબર :– 4.15**

**પત્નીઓનાં દૈનિક મનોભારના પ્રમાણ (B) પરિવર્ત્યના વિકૃત ચિંતાના મધ્યકોના તફાવત દર્શાવતું L.S.D. કોષ્ટક :–**

| Sr No. | pairs | Mean diff | Sig |
|---|---|---|---|
| 1 | $B_1$ $V_S$ $B_2$ | 7.43 | 0.01 |

0.05 = 1.98

0.01 = 2.60

પરીણામ કોષ્ટક નં 4.14 માં જોતા જણાય છે કે પત્નીઓનાં દૈનિક મનોભારના પ્રમાણના સંદર્ભમાં ગણતરી કરીને પ્રાપ્ત થયેલ F ની કિંમત 13.20 છે. જયારે 0.05 અર્થસૂચક કક્ષાએ F ની કિંમત 3.89 અને 0.01 અર્થસૂચક કક્ષાએ F ની કિંમત 6.76 છે. અહીં પ્રાપ્ત થયેલ F ની કિંમત મોટી છે. તેથી તફાવત સાર્થક છે. અહીં $HO_9$ નો અસ્વીકાર થાય છે. અને તારણ તારવવામાં આવે છે કે નિમ્ન દૈનિક મનોભાર ધરાવતી પત્નીઓ કરતા ઉચ્ચ દૈનિક મનોભાર ધરાવતી પત્નીઓની વિકૃતચિંતાનું પ્રમાણ વધું છે. સ્વાભાવિક રીતે જ ઉચ્ચ દૈનિક મનોભાર ધરાવતી હોય તેવી પત્નીઓમાં વિકૃતચિંતાનું પ્રમાણ વધુ રહેવાનું.

પત્નીઓના દૈનિક મનોભારના પ્રમાણના સંદર્ભમાં L.S.D. તફાવત પણ 0.01 અર્થકક્ષાએ સાર્થક જોવા મળે છે. જે કોષ્ટક નં. 4.15 માં દર્શાવવામાં આવેલ છે. અહિં $B_1$ VS $B_2$ એટલે કે ઉચ્ચ દૈનિક મનોભાર ધરાવતી પત્નીઓના વિકૃત ચિંતાના મધ્યકો અનુક્રમે 44.49 અને 37.06 છે. અને બંને વચ્ચેનો તફાવત 7.43 છે. જે 0.01 અર્થકક્ષાએ સાર્થક છે. તેથી કહી શકાય કે નિમ્ન દૈનિક મનોભાર ધરાવતી પત્નીઓ કરતા ઉચ્ચ દૈનિક મનોભાર ધરાવતી પત્નીઓની વિકૃતચિંતાનું પ્રમાણ વધું જોવા મળે છે.

પત્નીઓના દૈનિક મનોભારના પ્રમાણના સંદર્ભમાં વિકૃતચિંતાના મધ્યકો દર્શાવતો

સ્તંભાલેખ




### 4.1.3. પત્નીઓની ઉંમર (C) અને વિકૃત ચિંતા વચ્ચેની F કસોટી :

પત્નીઓની ઉંમરને ધ્યાનમાં રાખીને બે વિભાગોમાં વહેંચવામાં આવ્યા હતા.

(i) 20 થી 30 વર્ષ

(ii) 31 થી 40 વર્ષ

આ બે પ્રકારના સંદર્ભમાં નીચે પ્રમાણે ઉત્કલ્પના રચવામાં આવી હતી.

$HO_{10}$: પત્નીઓની ઉંમરના સંદર્ભમાં વિકૃતચિંતાના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળશે નહિ.

**પરીણામ કોષ્ટક નંબર :– 4.16**

**પત્નીઓની ઉંમર (C) પરિવર્ત્યના વિકૃત ચિંતાના મધ્યકો અને F દર્શાવતું કોષ્ટક**

| દૈનિક મનોભારનું પ્રમાણ (C) | N | MEAN | F | Sig |
|---|---|---|---|---|
| 20 થી 30 વર્ષ ($C_1$) | 200 | 42.22 | 11.63 | 0.01 |
| 31 થી 40 વર્ષ ($C_2$) | 200 | 39.34 | | |

0.05 = 3.89

0.01 = 6.76

**પરીણામ કોષ્ટક નંબર :– 4.17**

**પત્નીઓની ઉંમર (C) પરિવર્ત્યના વિકૃત ચિંતાના મધ્યકોના તફાવત દર્શાવતું L.S.D. કોષ્ટક :–**

| Sr No. | pairs | Mean diff | Sig |
|---|---|---|---|
| 1 | $C_1$ VS $C_2$ | 2.88 | 0.01 |

0.05 = 1.98

0.01 = 2.60

પરીણામ કોષ્ટક નં 4.16 માં જોતા જણાય છે કે પત્નીઓની ઉંમરના સંદર્ભમાં ગણતરી કરીને પ્રાપ્ત થયેલ F ની કિંમત 11.63 છે. જયારે 0.05 અર્થસૂચક કક્ષાએ F ની કિંમત 3.89 અને 6.76 અર્થસૂચક કક્ષાએ F ની કિંમત 6.76 છે. અહીં પ્રાપ્ત થયેલ F ની કિંમત મોટી છે. તેથી તફાવત સાર્થક છે. અહીં $HO_{10}$ નો અસ્વીકાર થાય છે. અને તારણ તારવવામાં આવે છે કે 31 થી 40 વર્ષની પત્નીઓ કરતા 20 થી 30 વર્ષની પત્નીઓની વિકૃતચિંતાનું પ્રમાણ વધું છે. તેનું સંભવિત કારણ એવું હોય કે જેમ જેમ ઉંમર વધે તેમ સમજ અને અનુભવ વધતા વિકૃતચિંતા ઓછી થાય છે. વળી એવું પણ બને કે ૨૦ થી ૩૦ વર્ષની વયે લગ્ન–નાના બાળકો જેવી નવી નવી જવાબદારીને કારણે વિકૃતચિંતાનું પ્રમાણ વધે.

પત્નીઓના દૈનિક મનોભારના પ્રમાણના સંદર્ભમાં L.S.D. તફાવત પણ 0.01 અર્થકક્ષાએ સાર્થક જોવા મળે છે. જે કોષ્ટક નં. 4.17 માં દર્શાવવામાં આવેલ છે અહિં $C_1$ VS $C_2$ એટલે કે 20 થી 30 વર્ષની પત્નીઓ અને 31 થી 40 વર્ષની પત્નીઓના વિકૃત ચિંતાના મધ્યકો અનુક્રમે 42.22 અને 39.34 છે અને બંને વચ્ચેનો તફાવત 2.88 છે. જે 0.01 અર્થકક્ષાએ સાર્થક છે. તેથી કહી શકાય કે 31 થી 40 વર્ષની પત્નીઓ કરતા 20 થી 30 વર્ષની પત્નીઓની વિકૃતચિંતાનું પ્રમાણ વધું જોવા મળે છે.

પત્નીઓની ઉંમરના સંદર્ભમાં વિકૃતચિંતાના મધ્યકો દર્શાવતો સ્તંભાલેખ




**4.1.4. પત્નીઓના પ્રકાર (A) અને દૈનિક મનોભારના પ્રમાણ (B) વચ્ચેની આંતરક્રિયાની F કસોટી :–**

પત્નીઓના પ્રકાર અને દૈનિક મનોભારના પ્રમાણની આંતરક્રિયાને ધ્યાનમાં રાખીને પત્નીઓને ચાર વિભાગોમાં વહેંચવામાં આવ્યા હતા.

(i) ઉચ્ચ મનોભાર ધરાવતી કાર્ય કરતી પત્નીઓ

(ii) નિમ્ન મનોભાર ધરાવતી કાર્ય કરતી પત્નીઓ

(iii) ઉચ્ચ મનોભાર ધરાવતી બિન કાર્ય કરતી પત્નીઓ

(iv) નિમ્ન મનોભાર ધરાવતી બિન કાર્ય કરતી પત્નીઓ

આ પ્રકારોના સંદર્ભમાં નીચે પ્રમાણે ઉત્કલ્પના રચવામાં આવી હતી.

$HO_{11}$ : પત્નીઓનાં પ્રકાર અને દૈનિક મનોભારની આંતરક્રિયાના સંદર્ભમાં વિકૃતચિંતાના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળશે નહિ.

**પરીણામ કોષ્ટક નંબર :– 4.18**

**પત્નીઓના પ્રકાર અને દૈનિક મનોભારના પ્રમાણ પરિવર્ત્યના વિકૃત ચિંતાના મધ્યકો અને F દર્શાવતું કોષ્ટક**

| Variable | N | MEAN | F | Sig |
|---|---|---|---|---|
| ઉચ્ચ મનોભાર ધરાવતી કાર્ય કરતી પત્નીઓ($A_1B_1$) | 100 | 45.37 | 11.44 | 0.01 |
| નિમ્ન મનોભાર ધરાવતી કાર્ય કરતી પત્નીઓ ($A_1B_2$) | 100 | 39.48 | | |
| ઉચ્ચ મનોભાર ધરાવતી બિન કાર્ય કરતી પત્નીઓ($A_2B_1$) | 100 | 43.61 | | |
| નિમ્ન મનોભાર ધરાવતી કાર્ય કરતી પત્નીઓ ($A_2B_2$) | 100 | 34.65 | | |

0.05 = 3.94

0.01 = 6.90

**પરીણામ કોષ્ટક નંબર :– 4.19**

**પત્નીઓના પ્રકાર અને દૈનિક મનોભારના પ્રમાણ મધ્યકોના તફાવત દર્શાવતું L.S.D. કોષ્ટક :–**

| Sr No. | pairs | Mean diff | Sig |
|---|---|---|---|
| 1 | $A_1B_1$ Vs $A_1B_2$ | 5.89 | 0.01 |
| 2 | $A_1B_1$ Vs $A_2B_1$ | 1.76 | NS |
| 3 | $A_1B_1$ Vs $A_2B_2$ | 10.72 | 0.01 |
| 4 | $A_1B_2$ Vs $A_2B_1$ | 4.13 | 0.01 |
| 5 | $A_1B_2$ Vs $A_2B_2$ | 4.83 | 0.01 |
| 6 | $A_2B_1$ Vs $A_2B_2$ | 8.96 | 0.01 |

0.05 = 2.79

0.01 = 3.67

પરીણામ કોષ્ટક નં 4.18 માં જોતા જણાય છે કે પત્નીઓના પ્રકાર અને દૈનિક મનોભારની આંતરક્રિયાના સંદર્ભમાં ગણતરી કરીને પ્રાપ્ત થયેલ F ની કિંમત 11.44 છે. જયારે 0.05 અર્થસૂચક કક્ષાએ F ની કિંમત 3.94 અને 0.01 છે. અર્થસૂચક કક્ષાએ F ની કિંમત 6.90 છે. અહીં પ્રાપ્ત થયેલ F ની કિંમત મોટી છે તેથી તફાવત સાર્થક છે. અહીં $HO_{11}$ નો અસ્વીકાર થાય છે. અને તારણ તારવવામાં આવે છે કે પત્નીઓના પ્રકાર અને દૈનિક મનોભારની આંતરક્રિયાના સંદર્ભમાં વિકૃતચિંતાના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળે છે. કાર્ય કરતી પત્નીઓને દૈનિક મનોભાર વધુ રહે છે. તેથી વિકૃતચિંતા વધુ હોય છે. તેમજ નિમ્ન કરતા ઉચ્ચ મનોભાર વાળી પત્નીઓ વધુ વિકૃતચિંતા ધરાવે છે.

પરીણામ કોષ્ટક નં 4.19 માં જોતા જણાય છે કે પત્નીઓના પ્રકાર અને દૈનિક મનોભારની આંતરક્રિયાના સંદર્ભમાં L.S.D. તફાવત 5 Pairs માં 0.01 અર્થકક્ષાએ સાર્થક અને 1 Pair માં અસાર્થક જોવા મળે છે. જેમાં $A_1B_1$ Vs $A_1B_2$ એટલે કે ઉચ્ચ મનોભાર ધરાવતી કાર્ય કરતી પત્નીઓ અને નિમ્ન મનોભાર ધરાવતી કાર્ય કરતી પત્નીઓની વિકૃતચિંતાના મધ્યકો અનુક્રમે 45.37 અને 39.48 છે અને બંને વચ્ચેનો તફાવત 5.89 છે જે 0.01 અર્થકક્ષાએ સાર્થક છે. તેથી કહી શકાય કે નિમ્ન દૈનિક મનોભાર ધરાવતી કાર્ય કરતી પત્નીઓ કરતા ઉચ્ચ દૈનિક મનોભાર ધરાવતી કાર્ય કરતી પત્નીઓની વિકૃત ચિંતાનું પ્રમાણ વધુ જોવા મળે છે.

$A_2B_1$ $V_S$ $A_2B_2$ એટલે કે ઉચ્ચ દૈનિક મનોભાર ધરાવતી બિન કાર્ય કરતી પત્નીઓ અને નિમ્ન દૈનિક મનોભાર ધરાવતી બિન કાર્ય કરતી પત્નીઓની વિકૃચિંતાના મધ્યકો અનુક્રમે 43.61 અને 34.65 છે અને બંને વચ્ચેનો તફાવત 8.96 છે જે 0.01 અર્થકક્ષાએ સાર્થક છે. તેથી કહી શકાય કે નિમ્ન દૈનિક મનોભાર ધરાવતી બિન કાર્ય કરતી પત્નીઓ કરતા ઉચ્ચ દૈનિક મનોભાર ધરાવતી બિન કાર્ય કરતી પત્નીઓની વિકૃચિંતાનું પ્રમાણ વધુ જોવા મળે છે.

## 4.1.5. દૈનિક મનોભારના પ્રમાણ (B) અને ઉમર (C) વચ્ચેની આંતરક્રિયાની F કસોટી :–

પત્નીઓના દૈનિક મનોભારના પ્રમાણ અને ઉમરની આંતરક્રિયાને ધ્યાનમાં રાખીને પત્નીઓને ચાર વિભાગમાં વહેંચવામાં આવી હતી.

(i) ઉચ્ચ મનોભાર ધરાવતી 20 થી 30 વર્ષની પત્નીઓ

(ii) ઉચ્ચ મનોભાર ધરાવતી 31 થી 40 વર્ષની પત્નીઓ

(iii) નિમ્ન મનોભાર ધરાવતી 20 થી 30 વર્ષની પત્નીઓ

(iv) નિમ્ન મનોભાર ધરાવતી 31 થી 40 વર્ષની પત્નીઓ

આ પ્રકારોના સંદર્ભમાં નીચે પ્રમાણે ઉત્કલ્પના રચવામાં આવી હતી.

$HO_{12}$ : પત્નીઓના દૈનિક મનોભારના પ્રમાણ અને ઉમરની આંતરક્રિયાના સંદર્ભમાં વિકૃતચિંતાના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળશે નહિ.

**પરીણામ કોષ્ટક નંબર :– 4.20**

**પત્નીઓના દૈનિક મનોભારના પ્રમાણ અને ઉમર પરિવર્ત્યના વિકૃતચિંતાના મધ્યકો અને F દર્શાવતું કોષ્ટક**

| Variable | N | MEAN | F | Sig |
|---|---|---|---|---|
| ઉચ્ચ મનોભાર ધરાવતી 20 થી 30 વર્ષની પત્નીઓ ($B_1C_1$) | 100 | 45.56 | 9.31 | 0.01 |
| ઉચ્ચ મનોભાર ધરાવતી 31 થી 40 વર્ષની પત્નીઓ ($B_1C_2$) | 100 | 43.43 | | |
| નિમ્ન મનોભાર ધરાવતી 20 થી 30 વર્ષની પત્નીઓ ($B_2C_1$) | 100 | 38.88 | | |
| નિમ્ન મનોભાર ધરાવતી 31 થી 40 વર્ષની પત્નીઓ ($B_2C_2$) | 100 | 35.25 | | |

0.05 = 3.94

0.01 = 6.90

**પરીણામ કોષ્ટક નંબર :– 4.21**

**પત્નીઓના દૈનિક મનોભારના પ્રમાણ અને ઉંમર પરિવર્ત્યના વિકૃતચિંતાના મધ્યકોના તફાવત દર્શાવતું L.S.D. કોષ્ટક**

| Sr No. | pairs | Mean diff | Sig |
|---|---|---|---|
| 1 | $B_1C_1$ Vs $B_1C_2$ | 2.13 | NS |
| 2 | $B_1C_1$ Vs $B_2C_1$ | 6.68 | 0.01 |
| 3 | $B_1C_1$ Vs $B_2C_2$ | 10.31 | 0.01 |
| 4 | $B_1C_2$ Vs $B_2C_1$ | 4.55 | 0.01 |
| 5 | $B_1C_2$ Vs $B_2C_2$ | 8.18 | 0.01 |
| 6 | $B_2C_1$ Vs $B_2C_2$ | 3.13 | 0.05 |

0.05 = 2.79

0.01 = 3.67

પરીણામ કોષ્ટક નં 4.20 માં જોતા જણાય છે કે પત્નીઓના દૈનિક મનોભારનું પ્રમાણ અને ઉંમરની આંતરક્રિયાના સંદર્ભમાં ગણતરી કરીને પ્રાપ્ત થયેલ F ની કિંમત 9.31 છે. જયારે 0.05 અર્થસૂચક કક્ષાએ F ની કિંમત 3.94 અને 0.01 અર્થસૂચક કક્ષાએ F ની કિંમત 6.90 છે અહીં પ્રાપ્ત થયેલ F ની કિંમત મોટી છે તેથી તફાવત સાર્થક છે અહીં $HO_{12}$ નો અસ્વીકાર થાય છે. અને તારણ તારવવામાં આવે છે કે પત્નીઓના દૈનિક મનોભારના પ્રમાણ અને ઉંમર વચ્ચેની આંતરક્રિયાના સંદર્ભમાં વિકૃતચિંતાના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળે છે.

પરીણામ કોષ્ટક નં 4.21 માં જોતા જણાય છે કે પત્નીઓના દૈનિક મનોભારનું પ્રમાણ અને ઉંમર વચ્ચેની આંતરક્રિયાના સંદર્ભમાં L.S.D. તફાવત 4 Pairs માં 0.01 અર્થકક્ષાએ સાર્થક,1 Pair માં 0.05 અર્થકક્ષાએ સાર્થક અને 1 Pair માં અસાર્થક જોવા મળે છે જેમાં $B_1C_1$ Vs $B_1C_2$ એટલે કે ઉચ્ચ દૈનિક મનોભાર

ધરાવતી 20 થી 30 વર્ષની પત્નીઓ અને ઉચ્ચ દૈનિક મનોભાર ધરાવતી 31 થી 40 વર્ષની પત્નીઓની વિકૃતચિંતાના પ્રાપ્તાંકોના મધ્યકો અનુક્રમે 45.56 અને 43.43 છે અને બંને વચ્ચેનો તફાવત 2.13 છે જે અસાર્થક છે તેથી કહી શકાય કે ઉચ્ચ દૈનિક મનોભાર ધરાવતી 20 થી 30 વર્ષની પત્નીઓ કરતા ઉચ્ચ દૈનિક મનોભાર ધરાવતી 31 થી 40 વર્ષની પત્નીઓની વિકૃતચિંતા વચ્ચે કોઈ સાર્થક તફાવત નથી.

$B_2C_1$ $V_S$ $B_2C_2$ એટલે કે નિમ્ન દૈનિક મનોભાર ધરાવતી 20 થી 30 વર્ષની પત્નીઓ અને નિમ્ન દૈનિક મનોભાર ધરાવતી 31 થી 40 વર્ષની પત્નીઓની વિકૃચિંતાના પ્રાપ્તાંકોના મધ્યકો અનુક્રમે 38.88 અને 35.25 છે અને બંને વચ્ચેનો તફાવત 3.13 છે જે 0.05 અર્થકક્ષાએ સાર્થક છે. તેથી કહી શકાય કે નિમ્ન દૈનિક મનોભાર ધારવતી 31 થી 40 વર્ષની પત્નીઓ કરતા નિમ્ન દૈનિક મનોભાર ધરાવતી 20 થી 30 વર્ષની પત્નીઓની વિકૃચિંતા વધુ જોવા મળે છે.

### 4.1.6. પત્નીઓના પ્રકાર (A) અને ઉમર (C) વચ્ચેની આંતરક્રિયાની F કસોટી :–

પત્નીઓના પ્રકાર અને ઉમરની આંતરક્રિયા પ્રમાણે પત્નીઓને ચાર વિભાગોમાં વહેંચવામાં આવી હતી.

(i) 20 થી 30 વર્ષની કાર્ય કરતી પત્નીઓ

(ii) 31 થી 40 વર્ષની કાર્ય કરતી પત્નીઓ

(iii) 20 થી 30 વર્ષની બિન કાર્ય કરતી પત્નીઓ

(iv) 31 થી 40 વર્ષની બિન કાર્ય કરતી પત્નીઓ

આ પ્રકારોના સંદર્ભમાં નીચે પ્રમાણે ઉત્કલ્પના રચવામાં આવી હતી.

$HO_{13}$ : પત્નીઓના પ્રકાર અને ઉમરની આંતરક્રિયાના સંદર્ભમાં વિકૃતચિંતાના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળશે નહિ.

## પરીણામ કોષ્ટક નંબર :– 4.22

**પત્નીઓના પ્રકાર અને ઉંમર પરિવર્ત્યના વિકૃતચિંતાના મધ્યકો અને F દર્શાવતું કોષ્ટક :–**

| Variable | N | MEAN | F | Sig |
|---|---|---|---|---|
| 20 થી 30 વર્ષની કાર્ય કરતી પત્નીઓ ($A_1C_1$) | 100 | 43.99 | 5.50 | 0.05 |
| 31 થી 40 વર્ષની કાર્ય કરતી પત્નીઓ ($A_1C_2$) | 100 | 40.86 | | |
| 20 થી 30 વર્ષની બિન કાર્ય કરતી પત્નીઓ ($A_2C_1$) | 100 | 40.45 | | |
| 31 થી 40 વર્ષની બિન કાર્ય કરતી પત્નીઓ ($A_2C_2$) | 100 | 37.82 | | |

0.05 = 3.94

0.01 = 6.90

## પરીણામ કોષ્ટક નંબર :– 4.23

**પત્નીઓના પ્રકાર અને ઉંમર પરિવર્ત્યના વિકૃતચિંતાના મધ્યકોના તફાવત દર્શાવતું L.S.D. કોષ્ટક :–**

| Sr No. | pairs | Mean diff | Sig |
|---|---|---|---|
| 1 | $A_1C_1$ Vs $A_1C_2$ | 3.13 | 0.05 |
| 2 | $A_1C_1$ Vs $A_2C_1$ | 3.54 | 0.05 |
| 3 | $A_1C_1$ Vs $A_2C_2$ | 6.17 | 0.01 |
| 4 | $A_1C_2$ Vs $A_2C_1$ | 0.41 | NS |
| 5 | $A_1C_2$ Vs $A_2C_2$ | 3.04 | 0.05 |
| 6 | $A_2C_1$ Vs $A_2C_2$ | 2.63 | NS |

0.05 = 2.79

0.01 = 3.67

પરીણામ કોષ્ટક નં 4.22 માં જોતા જણાય છે કે પત્નીઓના પ્રકાર અને ઉંમરની આંતરક્રિયાના સંદર્ભમાં ગણતરી કરીને પ્રાપ્ત થયેલ F ની કિંમત 5.50 છે જયારે 0.05 અર્થસૂચક કક્ષાએ F ની કિંમત 3.94 અને 0.01 અર્થસૂચક કક્ષાએ F ની કિંમત 6.90 છે અહીં પ્રાપ્ત થયેલ F ની કિંમત 0.05 અર્થકક્ષા કરતા મોટી છે તેથી 0.05 અર્થકક્ષાએ તફાવત સાર્થક છે અહીં $HO_{13}$ નો અસ્વીકાર થાય છે. અને તારણ તારવવામાં આવે છે કે પત્નીઓના પ્રકાર અને ઉંમરની આંતરક્રિયાના સંદર્ભમાં વિકૃતચિંતાના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળે છે. પ્રમાણમાં મોટી ઉંમરની (૩૧ –૪૦ વર્ષ) પત્નીઓ ૨૦ થી ૩૦ વર્ષની કાર્યકરતી પત્નીઓના પ્રમાણમાં વધુ અનુભવી બને છે તેથી તેની વિકૃતચિંતા નાની ઉંમરની સ્ત્રીઓ કરતા ઓછી હોય છે.

પરીણામ કોષ્ટક નં 4.23 માં જોતા જણાય છે કે પત્નીઓના પ્રકાર અને ઉંમરની આંતરક્રિયાના સંદર્ભમાં L.S.D. તફાવત 1 Pairs માં 0.01 અર્થકક્ષાએ સાર્થક, 3 Pair માં 0.05 અર્થકક્ષાએ સાર્થક અને 2 Pair માં અસાર્થક જોવા મળે છે જેમાં $A_1C_1$ Vs $A_1C_2$ એટલે કે 20 થી 30 વર્ષની કાર્ય કરતી પત્નીઓ અને 31 થી 40 વર્ષની કાર્ય કરતી પત્નીઓની વિકૃતચિંતાના પ્રાપ્તાંકોના મધ્યકો અનુક્રમે 43.99 અને 40.86 છે અને બંને વચ્ચેનો તફાવત 3.13 છે જે 0.05 અર્થકક્ષાએ સાર્થક છે તેથી કહી શકાય કે 31 થી 40 વર્ષની કાર્ય કરતી પત્નીઓ કરતા 20 થી 30 વર્ષની કાર્ય કરતી પત્નીઓની વિકૃતચિંતાનું પ્રમાણ વધું જોવા મળે છે.

$A_2C_1$ VS $A_2C_2$ એટલે કે 20 થી 30 વર્ષની બિન કાર્ય કરતી પત્નીઓ અને 31 થી 40 વર્ષની બિન કાર્ય કરતી પત્નીઓની વિકૃચિંતાના મધ્યકો અનુક્રમે 40.45 અને 37.82 છે અને બંને વચ્ચેનો તફાવત 2.63 છે જે અસાર્થક છે તેથી કહી શકાય કે 20 થી 30 વર્ષની બિન કાર્ય કરતી પત્નીઓ કરતા 31 થી 40 વર્ષની બિન કાર્ય કરતી પત્નીઓની વિકૃચિંતાના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળતો નથી.

### 4.1.7. પત્નીઓના પ્રકાર (A) દૈનિક મનોભારનું પ્રમાણ (B) અને ઉંમર (C) વચ્ચેની આંતરક્રિયાની F કસોટી :–

પત્નીઓના પ્રકાર, દૈનિક મનોભારના પ્રમાણ અને ઉંમર વચ્ચેની આંતરક્રિયા પ્રમાણે પત્નીઓને આઠ વિભાગોમાં વહેંચવામાં આવી હતી.

(1) કાર્ય કરતી ઉચ્ચ દૈનિક મનોભાર ધરાવતી 20 થી 30 વર્ષની પત્નીઓ

(2) કાર્ય કરતી ઉચ્ચ દૈનિક મનોભાર ધરાવતી 31 થી 40 વર્ષની પત્નીઓ

(3) કાર્ય કરતી નિમ્ન દૈનિક મનોભાર ધરાવતી 20 થી 30 વર્ષની પત્નીઓ

(4) કાર્ય કરતી નિમ્ન દૈનિક મનોભાર ધરાવતી 31 થી 40 વર્ષની પત્નીઓ

(5) બિન કાર્ય કરતી ઉચ્ચ મનોભાર ધરાવતી 20 થી 30 વર્ષની પત્નીઓ

(6) બિન કાર્ય કરતી ઉચ્ચ મનોભાર ધરાવતી 31 થી 40 વર્ષની પત્નીઓ

(7) બિન કાર્ય કરતી નિમ્ન મનોભાર ધરાવતી 20 થી 30 વર્ષની પત્નીઓ

(8) બિન કાર્ય કરતી નિમ્ન મનોભાર ધરાવતી 31 થી 40 વર્ષની પત્નીઓ

આ પ્રકારોના સંદર્ભમાં નીચે પ્રમાણે ઉત્કલ્પના રચવામાં આવી હતી.

$HO_{14}$ : પત્નીઓના પ્રકાર, દૈનિક મનોભારનું પ્રમાણ અને ઉંમર વચ્ચેની આંતરક્રિયાના સંદર્ભમાં વિકૃતચિંતાના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળશે નહિ.

**પરીણામ કોષ્ટક નંબર :– 4.24**

**પત્નીઓના પ્રકાર, દૈનિક મનોભારનું પ્રમાણ અને ઉમર પરિવર્ત્યના વિકૃતચિંતાના મધ્યકો અને F દર્શાવતું કોષ્ટક :–**

| Variable | N | MEAN | F | Sig |
|---|---|---|---|---|
| કાર્ય કરતી ઉચ્ચ દૈનિક મનોભાર ધરાવતી 20 થી 30 વર્ષની પત્નીઓ ($A_1B_1C_1$) | 50 | 46.82 | 6.54 | 0.05 |
| કાર્ય કરતી ઉચ્ચ દૈનિક મનોભાર ધરાવતી 31 થી 40 વર્ષની પત્નીઓ ($A_1B_1C_2$) | 50 | 43.92 | | |
| કાર્ય કરતી નિમ્ન દૈનિક મનોભાર ધરાવતી 20 થી 30 વર્ષની પત્નીઓ ($A_1B_2C_1$) | 50 | 41.16 | | |
| કાર્ય કરતી નિમ્ન દૈનિક મનોભાર ધરાવતી 31 થી 40 વર્ષની પત્નીઓ ($A_1B_2C_2$) | 50 | 37.8 | | |
| બિન કાર્ય કરતી ઉચ્ચ દૈનિક મનોભાર ધરાવતી 20 થી 30 વર્ષની પત્નીઓ ($A_2B_1C_1$) | 50 | 44.30 | | |
| બિન કાર્ય કરતી ઉચ્ચ દૈનિક મનોભાર ધરાવતી 31 થી 40 વર્ષની પત્નીઓ ($A_2B_1C_2$) | 50 | 42.93 | | |
| બિન કાર્ય કરતી નિમ્ન દૈનિક મનોભાર ધરાવતી 20 થી 30 વર્ષની પત્નીઓ ($A_2B_2C_1$) | 50 | 36.6 | | |
| બિન કાર્ય કરતી નિમ્ન દૈનિક મનોભાર ધરાવતી 31 થી 40 વર્ષની પત્નીઓ ($A_2B_2C_2$) | 50 | 32.71 | | |

0.05 = 4.03

0.01 = 7.17

## પરીણામ કોષ્ટક નંબર :– 4.25

### પત્નીઓના પ્રકાર, વિકૃત ચિંતાના પ્રમાણ અને ઉંમર પરિવર્ત્યના વિકૃતચિંતાના મધ્યકોના તફાવત દર્શાવતું L.S.D. કોષ્ટક

| Sr No. | pairs | Mean diff | Sig |
|---|---|---|---|
| 1 | $A_1B_1C_1$ Vs $A_1B_1C_2$ | 2.9 | NS |
| 2 | $A_1B_1C_1$ Vs $A_1B_2C_1$ | 5.66 | 0.01 |
| 3 | $A_1B_1C_1$ Vs $A_1B_2C_2$ | 9.02 | 0.01 |
| 4 | $A_1B_1C_1$ Vs $A_2B_1C_1$ | 2.52 | NS |
| 5 | $A_1B_1C_1$ Vs $A_2B_1C_2$ | 3.89 | NS |
| 6 | $A_1B_1C_1$ Vs $A_2B_2C_1$ | 10.22 | 0.01 |
| 7 | $A_1B_1C_1$ Vs $A_2B_2C_2$ | 14.11 | 0.01 |
| 8 | $A_1B_1C_2$ Vs $A_1B_2C_1$ | 2.76 | NS |
| 9 | $A_1B_1C_2$ Vs $A_1B_2C_2$ | 6.12 | 0.01 |
| 10 | $A_1B_1C_2$ Vs $A_2B_1C_1$ | 0.38 | NS |
| 11 | $A_1B_1C_2$ Vs $A_2B_1C_2$ | 0.99 | NS |
| 12 | $A_1B_1C_2$ Vs $A_2B_2C_1$ | 7.32 | 0.01 |
| 13 | $A_1B_1C_2$ Vs $A_2B_2C_2$ | 11.21 | 0.01 |
| 14 | $A_1B_2C_1$ Vs $A_1B_2C_2$ | 3.36 | NS |
| 15 | $A_1B_2C_1$ Vs $A_2B_1C_1$ | 3.14 | NS |
| 16 | $A_1B_2C_1$ Vs $A_2B_1C_2$ | 1.77 | NS |
| 17 | $A_1B_2C_1$ Vs $A_2B_2C_1$ | 4.56 | 0.05 |
| 18 | $A_1B_2C_1$ Vs $A_2B_2C_2$ | 8.45 | 0.01 |
| 19 | $A_1B_2C_2$ Vs $A_2B_1C_1$ | 6.5 | 0.01 |
| 20 | $A_1B_2C_2$ Vs $A_2B_1C_2$ | 5.13 | 0.05 |
| 21 | $A_1B_2C_2$ Vs $A_2B_2C_1$ | 1.2 | NS |
| 22 | $A_1B_2C_2$ Vs $A_2B_2C_2$ | 5.09 | 0.05 |
| 23 | $A_2B_1C_1$ Vs $A_2B_1C_2$ | 1.37 | NS |
| 24 | $A_2B_1C_1$ Vs $A_2B_2C_1$ | 7.7 | 0.01 |
| 25 | $A_2B_1C_1$ Vs $A_2B_2C_2$ | 11.59 | 0.01 |
| 26 | $A_2B_1C_2$ Vs $A_2B_2C_1$ | 6.33 | 0.01 |
| 27 | $A_2B_1C_2$ Vs $A_2B_2C_2$ | 10.22 | 0.01 |
| 28 | $A_2B_2C_1$ Vs $A_2B_2C_2$ | 3.89 | NS |

0.05 = 3.95

0.01 = 5.20

પરીણામ કોષ્ટક નં 4.24 માં જોતા જણાય છે કે પત્નીઓના પ્રકાર, દૈનિક મનોભારનું પ્રમાણ અને ઉંમરની આંતરક્રિયાના સંદર્ભમાં ગણતરી કરીને પ્રાપ્ત થયેલ F ની કિંમત 6.54 છે જયારે 0.05 અર્થસૂચક કક્ષાએ F ની કિંમત 4.03 અને 0.01 અર્થસૂચક કક્ષાએ F ની કિંમત 7.17 છે અહીં પ્રાપ્ત થયેલ F ની કિંમત 0.05 અર્થકક્ષા કરતા મોટી છે તેથી 0.05 અર્થકક્ષાએ તફાવત સાર્થક છે અહીં $HO_{14}$ નો અસ્વીકાર થાય છે. અને તારણ તારવવામાં આવે છે કે પત્નીઓના પ્રકાર, દૈનિક મનોભારનું પ્રમાણ અને ઉંમરની આંતરક્રિયાના સંદર્ભમાં વિકૃતચિંતાના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળે છે.

પરીણામ કોષ્ટક નં 4.25 માં જોતા જણાય છે કે પત્નીઓના પ્રકાર, દૈનિક મનોભારનું પ્રમાણ અને ઉંમરની આંતરક્રિયાના સંદર્ભમાં L.S.D. તફાવત 13 Pairs માં 0.01 અર્થકક્ષાએ સાર્થક, 3 Pair માં 0.05 અર્થકક્ષાએ સાર્થક અને 12 Pairs માં અસાર્થક જોવા મળે છે. જેમાં $A_1B_1C_1$ Vs $A_1B_1C_2$ એટલે કે કાર્ય કરતી ઉચ્ચ દૈનિક મનોભાર ધરાવતી 20 થી 30 વર્ષની પત્નીઓ અને કાર્ય કરતી ઉચ્ચ દૈનિક મનોભાર ધરાવતી 31 થી 40 વર્ષની પત્નીઓની વિકૃતચિંતાના પ્રાપ્તાંકોના મધ્યકો અનુક્રમે 46.82 અને 43.92 છે અને બંને વચ્ચેનો તફાવત 2.9 છે જે અસાર્થક છે તેથી તારણ તારવવામાં આવે છે કે કાર્ય કરતી ઉચ્ચ દૈનિક મનોભાર ધરાવતી 20 થી 30 વર્ષની પત્નીઓ કરતા અને કાર્ય કરતી ઉચ્ચ દૈનિક મનોભાર ધરાવતી 31 થી 40 વર્ષની પત્નીઓની વિકૃતચિંતા વચ્ચે કોઈ સાર્થક તફાવત નથી.

$A_1B_2C_1$ $V_S$ $A_1B_2C_2$ એટલે કે કાર્ય કરતી નિમ્ન દૈનિક મનોભાર ધરાવતી 20 થી 30 વર્ષની પત્નીઓ અને કાર્ય કરતી નિમ્ન દૈનિક મનોભાર ધરાવતી 31 થી 40 વર્ષની પત્નીઓની વિકૃતચિંતાના મધ્યકો અનુક્રમે 41.16 અને 37.8 છે. અને બંને વચ્ચેનો તફાવત 3.36 છે. જે અર્થકક્ષાએ સાર્થક છે તેથી તારણ તારવવામાં આવે છે કે કાર્ય કરતી નિમ્ન દૈનિક મનોભાર ધરાવતી 20 થી 30 વર્ષની પત્નીઓ અને કાર્ય કરતી નિમ્ન દૈનિક મનોભાર ધરાવતી 31 થી 40 વર્ષની પત્નીઓની વિકૃતચિંતા વચ્ચે કોઈ સાર્થક તફાવત નથી.

$A_2B_1C_1$ $V_S$ $A_2B_1C_2$ એટલે કે બિન કાર્ય કરતી ઉચ્ચ દૈનિક મનોભાર ધરાવતી 20 થી 30 વર્ષની પત્નીઓ અને બિન કાર્ય કરતી ઉચ્ચ દૈનિક મનોભાર

ધરાવતી 31 થી 40 વર્ષની પત્નીઓની વિકૃતચિંતાના મધ્યકો અનુક્રમે 44.30 અને 42.93 છે. અને બંને વચ્ચેનો તફાવત 1.37 છે જે અસાર્થક જોવા મળે છે તેથી કહી શકાય કે બિન કાર્ય કરતી ઉચ્ચ દૈનિક મનોભાર ધરાવતી 20 થી 30 વર્ષની પત્નીઓ અને બિન કાર્ય કરતી ઉચ્ચ દૈનિક મનોભાર ધરાવતી 31 થી 40 વર્ષની પત્નીઓની વિકૃતચિંતા વચ્ચે કોઈ સાર્થક તફાવત નથી.

$A_2B_2C_1$ $V_S$ $A_2B_2C_2$ એટલે કે બિન કાર્ય કરતી નિમ્ન દૈનિક મનોભાર ધરાવતી 20 થી 30 વર્ષની પત્નીઓ અને બિન કાર્ય કરતી નિમ્ન દૈનિક મનોભાર ધરાવતી 31 થી 40 વર્ષની પત્નીઓની વિકૃતચિંતાના પ્રાપ્તાંકોના મધ્યકો અનુક્રમે 36.6 અને 32.71 છે અને બંને વચ્ચેનો તફાવત 3.89 છે જે અસાર્થક જોવા મળે છે. તેથી કહી શકાય કે બિન કાર્ય કરતી નિમ્ન દૈનિક મનોભાર ધરાવતી 20 થી 30 વર્ષની પત્નીઓ અને બિન કાર્ય કરતી નિમ્ન દૈનિક મનોભાર ધરાવતી 31 થી 40 વર્ષની પત્નીઓની વિકૃતચિંતા વચ્ચે કોઈ સાર્થક તફાવત નથી.

## 5. વ્યકિતગત સામાજિક પરિવર્ત્યોના સંદર્ભમાં પત્નીઓના લગ્ન સમાયોજનનો અભ્યાસ.

### 5.1. વ્યકિતગત સામાજિક પરિવર્ત્યો અને લગ્ન સમાયોજન વચ્ચેના સંબંધનું F કસોટી વડે પૃથકકરણ, અર્થઘટન અને પરીણામ ચર્ચા.

પ્રસ્તુત અધ્યયનમાં પત્નીઓના વ્યકિતગત ઘટક જેવા કે પત્નીઓના પ્રકાર, દૈનિક મનોભારનું પ્રમાણ અને ઉંમરની શી અસર થાય છે તેમજ આ સ્વતંત્ર પરિવર્ત્યો વ્યકિતગત ઘટકો પર થતી અસરની ચકાસણી કરવા માટે વિચરણ પૃથકકરણ પધ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

પત્નીઓના પ્રકાર, દૈનિક મનોભારનું પ્રમાણ અને ઉંમર જેવા સ્વતંત્ર પરિવર્ત્યો ઉપર મુખ્ય તેમજ આંતર ક્રિયાત્મક અસર જાણવા માટે વિચરણ પૃથકકરણ પધ્ધતિ દ્વારા F મૂલ્ય શોધવામાં આવ્યા હતા. આ દરેકની વિગતવાર ચર્ચા નીચે પ્રમાણે કરવામાં આવી છે. ઉપરાંત વિચરણ પૃથકકરણ પક્રિયામાં પ્રાપ્ત થતી અંતિમ કિંમત F ગુણો સમષ્ટિના વિવિધ જૂથોના મધ્યકો વચ્ચે OVER ALL તફાવત સાર્થક છે કે કેમ તેનો અંતિમ નિર્ણય કરવા માટે મદદ કરે અને અહીં સ્વતંત્ર પરિવર્ત્યો ત્રણ છે જે નીચે મુજબ છે.

(1) પત્નીઓના પ્રકાર ( A )

$A_1$ = કાર્ય કરતી પત્નીઓ

$A_2$ = બિન કાર્ય કરતી પત્નીઓ

(2) દૈનિક મનોભારનું પ્રમાણ ( B )

$B_1$ = ઉચ્ચ મનોભાર ધરાવતી પત્નીઓ

$B_2$ = નિમ્ન મનોભાર ધરાવતી પત્નીઓ

(3) ઉંમરનો પ્રકાર ( C )

$C_1$ = 20 થી 30 વર્ષ

$C_2$ = 31 થી 40 વર્ષ

જયારે લગ્ન સમાયોજન અને પરિતંત્ર પરિવર્ત્ય છે આ અંગેની તમામ વિગતો, કોષ્ટક નં. 4.26 માં દર્શાવવામાં આવી છે.

**પરીણામ કોષ્ટક નંબર :– 4.26**

**2 X 2 X 2 આવયવિક યોજના અને લગ્ન સમાયોજનનું વિચરણ પૃથકકરણ પરીણામ (N=400)**

| ચલનો ઉદભવ source of variance | વર્ગોના સરવાળા sum of square | સ્વાતંત્ર્યની કક્ષા df (n-1) | પ્રચરણ MEAN sum of square | મૂલ્ય F | સાર્થકતાની કક્ષા sig |
|---|---|---|---|---|---|
| Main Effects | - | - | - | - | - |
| SSA | 791.97 | 1 | 791.97 | 18.27 | 0.01 |
| SSB | 487.91 | 1 | 487.91 | 11.26 | 0.01 |
| SSC | 546.81 | 1 | 546.81 | 12.61 | 0.01 |
| Interaction Effects | - | - | - | - | - |
| SS A.B | 331.07 | 1 | 331.07 | 7.64 | 0.01 |
| SS B.C | 441.66 | 1 | 441.66 | 10.19 | 0.01 |
| SS A.C | 463.87 | 1 | 463.87 | 10.70 | 0.01 |
| SS A.B.C | 861.33 | 1 | 861.33 | 19.88 | 0.01 |
| Within SS Error | 16987.14 | 392 | 43.33 | | |
| SS total | 20911.76 | 399 | | | |

| | Significance | Level |
|---|---|---|
| N | 0.05 | 0.01 |
| 50 | 4.03 | 7.17 |
| 100 | 3.94 | 6.90 |
| 200 | 3.89 | 6.76 |

### 5.1.1. પત્નીઓના પ્રકાર (બ) અને લગ્ન સમાયોજન વચ્ચેની F કસોટી :–

પત્નીઓના પ્રકારને ધ્યાનમાં રાખીને બે વિભાગોમાં વહેંચવામાં આવ્યા હતા.

(i) કાર્ય કરતી પત્નીઓ

(ii) બિન કાર્ય કરતી પત્નીઓ

આ બે પ્રકારના સંદર્ભમાં નીચે પ્રમાણે ઉત્કલ્પના રચવામાં આવી હતી.

$HO_{15}$ : પત્નીઓના પ્રકારના સંદર્ભમાં લગ્ન સમાયોજનના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળશે નહિ.

**પરીણામ કોષ્ટક નંબર :– 4.27**

**પત્નીઓના પ્રકાર (A) પરિવર્ત્યના લગ્ન સમાયોજનના મધ્યકો અને F દર્શાવતું કોષ્ટક :–**

| પત્નીઓના પ્રકાર (A) | N | MEAN | F | Sig |
|---|---|---|---|---|
| કાર્ય કરતી પત્નીઓ ($A_1$) | 200 | 18.28 | 18.27 | 0.01 |
| બિન કાર્યકરતી પત્નીઓ ($A_2$) | 200 | 19.75 | | |

0.05 = 3.89

0.01 = 6.76

**પરીણામ કોષ્ટક નંબર :– 4.28**

**પત્નીઓના પ્રકાર (A) પરિવર્ત્યના લગ્ન સમાયોજનના મધ્યકોના તફાવત દર્શાવતું L.S.D. કોષ્ટક**

| Sr No. | pairs | Mean diff | Sig |
|---|---|---|---|
| 1 | $A_1$ $V_S$ $A_2$ | 1.48 | 0.05 |

0.05 = 1.29

0.01 = 1.70

પરીણામ કોષ્ટક નં 4.27 માં જોતા જણાય છે કે પત્નીઓના પ્રકારના સંદર્ભમાં ગણતરી કરીને પ્રાપ્ત થયેલ F ની કિંમત 18.27 છે. જયારે 0.05 અર્થસૂચક કક્ષાએ F ની કિંમત 3.89 અને 0.01 અર્થસૂચક કક્ષાએ F ની કિંમત 6.76 છે અહીં પ્રાપ્ત થયેલ F ની કિંમત મોટી છે. તેથી તફાવત સાર્થક છે અહીં $HO_{15}$ નો અસ્વીકાર થાય છે. અને તારણ તારવવામાં આવે છે કે કાર્ય કરતી પત્નીઓ કરતા બિન કાર્ય કરતી પત્નીઓમાં લગ્ન સમાયોજનનું પ્રમાણ વધું જોવા મળે છે. કાર્યકરતી પત્નીઓને સમાયોજનના પ્રશ્નો બિન કાર્યકરતી પત્નીના પ્રમાણમાં વધુ રહેતા હોય છે. તેથી બિન કાર્યકરતી પત્નીઓનું લગ્ન સમાયોજન ઉચુ જોવા મળે છે.

પત્નીઓના પ્રકાના સંદર્ભમાં L.S.D. તફાવત પણ 0.05 અર્થકક્ષાએ સાર્થક જોવા મળે છે જે કોષ્ટક નં. 4.28 માં દર્શાવવામાં આવેલ છે. અહિં $A_1$ $V_S$ $A_2$ એટલે કે કાર્ય કરતી પત્નીઓ અને બિન કાર્ય કરતી પત્નીઓના લગ્ન સમાયોજનના પ્રાપ્તાંકોના મધ્યકો અનુક્રમે 18.28 અને 19.75 છે અને બંને વચ્ચેનો તફાવત 1.48 છે જે 0.05 અર્થકક્ષાએ સાર્થક છે. તેથી કહી શકાય કે કાર્ય કરતી પત્નીઓ કરતા બિન કાર્ય કરતી પત્નીઓના લગ્ન સમાયોજનનું પ્રમાણ વધું જોવા મળે છે.

પત્નીઓના પ્રકારનાં સંદર્ભમાં લગ્ન સમાયોજનના મધ્યકો દર્શાવતો સ્તંભાલેખ




## 5.1.2. દૈનિક મનોભારનું પ્રમાણ (B) અને લગ્ન સમાયોજન વચ્ચેની F કસોટી :–

દૈનિક મનોભારને ધ્યાનમાં રાખીને બે વિભાગોમાં વહેંચવામાં આવ્યા હતા.

(i) ઉચ્ચ દૈનિક મનોભાર

(ii) નિમ્ન દૈનિક મનોભાર

આ બે પ્રકારના સંદર્ભમાં નીચે પ્રમાણે ઉત્કલ્પના રચવામાં આવી હતી.

$HO_{16}$ : પત્નીઓના દૈનિક મનોભારના પ્રમાણના સંદર્ભમાં લગ્ન સમાયોજનના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળશે નહિ.

**પરીણામ કોષ્ટક નંબર :– 4.29**

**પત્નીઓના દૈનિક મનોભારના પ્રમાણ (B) પરિવર્ત્યના લગ્ન સમાયોજનના મધ્યકો અને F દર્શાવતું કોષ્ટક**

| દૈનિક મનોભારનું પ્રમાણ (B) | N | MEAN | F | Sig |
|---|---|---|---|---|
| ઉચ્ચ દૈનિક મનોભાર ($B_1$) | 200 | 16.26 | 11.26 | 0.01 |
